# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 06-07-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શનિવાર

આકાશવાણી

સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.

---

- ✓ આગામી પાંચ વર્ષમાં દેશની બે લાખ ગ્રામ પંચાયતોમાં પ્રાથમિક કૃષિ સહકારી ધિરાણ સંસ્થાઓ સ્થાપવામાં આવશે એમ કેન્દ્રિય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે જણાવ્યું છે.
- ✓ કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી આજે અમદાવાદની મુલાકાતે છે.
- ✓ બિહારમાં વીજળી પડવાથી 24 કલાકમાં 19 લોકોનાં મૃત્યુઃ સાતને ઇજા
- ✓ મોબાઇલ સેવાઓનાં દર બજારની માંગ અને પુરવઠાને આધારે નિર્ધારિત થતા હોવાનું સરકારે જણાવ્યું છે.
- ✓ જમ્મુ કાશ્મીરમાં ભારે વરસાદને પગલે અમરનાથ યાત્રા સ્થગિત કરવામાં આવી છે.
- ✓ આજે હરારેમાં ભારત યજમાન દેશ ઝિમ્બાબ્વે સામે પાંચ ટી-20 મેચની શ્રેણીની પ્રથમ મેચ રમશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

***AMIT SHAH GANDHINAGAR***

આગામી પાંચ વર્ષમાં જ્યાં કોઈપણ સહકારી સંસ્થા નથી તેવી દેશની બે લાખ ગ્રામ પંચાયતોમાં બહુ ઉદ્દેશીય પ્રાથમિક કૃષિ સહકારી ધિરાણ સંસ્થાઓ સ્થાપવામાં આવશે એમ કેન્દ્રિય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે જણાવ્યું હતું.

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 102મા આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ પ્રસંગે આયોજિત કાર્યક્રમ સહકારથી સમૃધ્ધિમાં તેમણે જણાવ્યું કે, ખેડૂતો પાસેથી મકાઈની ખરીદી કરીને ઈથેનૉલ બનાવવામાં આવશે. આ વિશે વધુ માહીતી આપતા તેમણે આ મુજબ જણાવ્યું.

## (બાઇટ-અમિત શાહ)

દેશમાં જૈવિક ચીજવસ્તુઓને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ યથાવત્ છે એમ તેમણે ઉમેર્યું હતું.

શ્રી શાહે લોકોને પ્રાકૃતિક લોટ ખરીદવાની પણ અપીલ કરી હતી.

કાર્યક્રમમાં સંબોધન કરતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પ્રાથમિક સહકારી મંડળીના આર્થિક સશક્તિકરણ અને સહકારી ક્ષેત્ર માટે ટેકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારે લીધેલા પગલાંઓને બિરદાવ્યા હતા અને આગામી સમયમાં ગુજરાતમાં સહકારી ક્ષેત્રના સશક્તિકરણ માટેની પ્રતિબદ્ધતા દોહરાવી હતી.

શ્રી શાહ બપોરે બનાસકાંઠાના ચાંગડા ગામે સહકારી પાયલોટ પ્રોજેક્ટની મુલાકાત લેશે અને મહિલા દૂધ ઉત્પાદકોને શૂન્ય ટકા વ્યાજના રૂપે ક્રેડિટ કાર્ડનું વિતરણ કરશે.

અમારા પંચમહાલ જિલ્લાના પ્રતિનિધી વિપુલ પુરોહિત જણાવે છે કે, શ્રી શાહ ગોધરા ખાતે સાંજે પાંચ વાગે ગોધરા હેલીપેડ ખાતે પહોંચશે, જ્યાંથી તેઓ આંગળીયા અર્થક્ષમ સેવા સહકારી મંડળીના સભ્યો સાથે વાર્તાલાપ કરી સહકારી માળખા તરફથી વિકસાવવામાં આવેલી સેવાઓનુ નિરીક્ષણ કરશે. શ્રી શાહ આંગળિયા ખાતે આશાપુરા છારીયા દૂધ સહકારી સમિતિના સભ્યો સાથે મુલાકાત કરશે. અહીંથી તેઓ ગોધરાની પંચામૃત ડેરીની મુલાકાત લેશે, જ્યાં રાજ્યની તમામ જિલ્લાના સહકારી બેન્કો અને ડેરીઓનાં ચેરમેન સાથે બેઠક યોજશે. આ પ્રસંગે પંચામૃત ડેરીના ચેરમેન જેઠાભાઇ ભરવાડ હાજર રહેશે.

## *PREZ ODISHA VISIT*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજથી ચાર દિવસ ઓડિશાનાં પ્રવાસે જશે. રાષ્ટ્રપતિ ભૂવનેશ્વરમાં ઉત્કલમણિ પંડિત ગોપબંધુ દાસની 96મી પુણ્યતિથિ સમારોહમાં ઉપસ્થિત રહેશે.

રાષ્ટ્રપતિ આવતીકાલે પુરીમાં ભગવાન જગન્નાથજીની ગુંડિચા યાત્રામાં પણ ઉપસ્થિત રહેશે. આ પ્રવાસ દરમિયાન રાષ્ટ્રપતિશ્રી ઉદયગિરિ ગુફાઓની પણ મુલાકાત કરશે. તેમ જ વિભૂતિ કાનૂનગો કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ ક્રાફ્ટ્સ અને ઉત્કલ યુનિવર્સિટી ઑફ કલ્ચરના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરશે.

## *GUJARAT RAHUL GANDHI*

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી આજે અમદાવાદમાં ગુજરાત રાજ્યના કોંગ્રેસી કાર્યકરોને સંબોધિત કરશે. ગુજરાતની એક દિવસની મુલાકાતે આવેલા શ્રી ગાંધી રાજકોટ અગ્નિકાંડ દુર્ઘટનામાં મૃત્યુ પામેલ વ્યક્તિઓના પરિવારોને પણ મળશે. સત્તાવાર માહિતીમાં જણાવ્યા મુજબ શ્રી ગાંધી પોલીસ અટકાયતમાં રહેલા 5 કોંગ્રેસી કાર્યકરોના પરિવારજનોને પણ મળશે. અમારા સંવાદદાતાના જણાવ્યા અનુસાર લોકસભામાં શ્રી ગાંધીના નિવેદન બાદ અમદાવાદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ કાર્યાલય ખાતે ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ કાર્યકરો વચ્ચે થયેલ અથડામણ બાદ શ્રી ગાંધી ગુજરાતની મુલાકાતે આવ્યા છે.

## *BIHAR LIGHTNING DEATHS*

બિહારમાં છેલ્લાં 24 કલાકમાં વીજળી પડવાથી ઓછામાં ઓછા 19 લોકોનાં મૃત્યુ થયા છે અને સાતને ઇજા થઈ છે. મોટા ભાગનાં લોકોનાં મૃત્યુ વરસાદ દરમિયાન ખેતરોમાં કામ કરી રહ્યા હતા અને વૃક્ષની નીચે ઊભા હતા તે દરમિયાન વીજળી પડવાથી થયા હતા.

ભાગલપુર જિલ્લામાં સૌથી વધુ ચાર વ્યક્તિનાં મૃત્યુ થયા છે, જ્યારે બેગુસરાઈ અને જેહાનાબાદ જિલ્લામાં ત્રણ-ત્રણ વ્યક્તિનાં મૃત્યુ થયા છે. માધેપુરા અને સહારા જિલ્લામાં બે-બે અને રોહતાસ, વૈશાલી, સારણ, સુપૌલ તથા પૂર્વ ચંપારણ જિલ્લામાં એક-એક વ્યક્તિનાં મૃત્યુ થયા છે.

હવામાન વિભાગે રાજ્યમાં ઉત્તર, દક્ષિણ-પૂર્વ અને દક્ષિણ-મધ્ય ભાગોમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ જારી કર્યો છે.

# *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફોલો કરી શકો છો...

# *MOBILE TARIFF*

સંચાર મંત્રાલયે દેશમાં તાજેતરના મોબાઇલ સેવાઓના દરમાં વધારા અંગેના ભ્રામક દાવાઓના જવાબમાં એક નિવેદન જાહેર કર્યું છે. મંત્રાલયે તેના નિવેદનમાં જણાવ્યું છે કે ત્રણ ખાનગી ક્ષેત્રની કંપનીઓ અને એક જાહેર ક્ષેત્રની કંપની સાથે, વર્તમાન મોબાઇલ સેવાઓ બજાર માંગ અને પુરવઠાના બજાર પરિબળો પર કાર્ય કરે છે. મંત્રાલયે કહ્યું છે કે સરકાર નવીનતમ તકનીકોમાં રોકાણ સાથે નાણાકીય સદ્ધરતા સુનિશ્ચિત કરવા તથા ઉપભોક્તાઓના હિતોનું રક્ષણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

સંચાર મંત્રાલયે જણાવ્યું છે કે, ભારતીય સંચાર વ્યવસ્થાપન સત્તાધીકાર મંડળ - TRAI દ્વારા સૂચિત સરકારની નીતિઓ અને નિયમનકારી માળખાને પરિણામે દેશમાં મોબાઈલ સેવાઓના ગ્રાહકો માટે સૌથી ઓછો ખર્ચ થયો છે. ઉલ્લેખનીય છે કે TRAI સંચાર સેવાઓ માટે સ્વતંત્ર નિયમનકારી સંસ્થા છે જે દેશમાં દૂરસંચાર સેવાઓના દરોનું નિયમન કરે છે.

# *WORLD ZOONOSIS DAY*

વિશ્વ જૂનોસિસ દિવસ નિમિત્તે કેન્દ્રિય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડાએ સાથે મળીને કામ કરવાનું આહ્વાન કર્યું છે. સામાજિક માધ્યમ પર પોતાના વિચાર રજૂ કરતાં શ્રી નડ્ડાએ કહ્યું, જૂનોટિક રોગને ફેલાતા રોકવા માટે સાથે મળીને કામ કરવાની જરૂર છે.

શ્રી નડ્ડાએ કહ્યું, આપણે ઝૂનોટિક રોગોને ફેલાતો રોકવા સાથે મળીને કામ કરવું જોઈએ. અને મનુષ્ય તેમ જ પ્રાણીઓ બંને માટે સલામત, સ્વસ્થ વાતાવરણ સુનિશ્ચિત કરવું જોઈએ.

અત્રે ઉલ્લેખનીય છે કે, 6 જુલાઈ 1885ના રોજ લુઈ પાશ્ચરે હડકવા સામેની પ્રથમ રસી સફળતાપૂર્વક આપી હતી. જે એક જીવલેણ ઝૂનોટિક રોગ છે. તેમના કામે અસંખ્ય લોકોના જીવ

બચાવ્યા છે. આ સાથે તે ઝૂનોટિક રોગોને રોકવા અને અટકાવવા માટેના પ્રયત્નોને પ્રેરણા આપતું રહે છે.

## *AMARNATH YATRA*

જમ્મુ-કાશ્મીરમાં ભારે વરસાદના કારણે શનિવારે અમરનાથ તીર્થયાત્રાને અચોક્કસ મુદત માટે સ્થગિત કરવામાં આવી છે. ઉત્તર અને દક્ષિણ કાશ્મીરના બંને બેઝકેમ્પથી યોજાનારી યાત્રાને હાલ પૂરતી સ્થગિત કરવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું કે, ભારે વરસાદના કારણે ઉત્તરી કાશ્મીરના બાલતાલ અને દક્ષિણ આફ્રિકાના પહલગામ બેઝકેમ્પથી યાત્રિઓની અવરજવર અનિશ્ચિત મુદત સુધી રોકવામાં આવી છે.

## *IMD WEATHER*

ભારતીય હવામાન વિભાગે આજે પંજાબ અને પશ્ચિમ ઉત્તરપ્રદેશના અનેક સ્થળ પર અને આવતીકાલ સુધી ઉત્તરાખંડ અને પૂર્વ ઉત્તરપ્રદેશમાં ભારે વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગે જણાવ્યું કે, આગામી ચાર દિવસ દરમિયાન પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભારતમાં ગાજવીજ અને વિજળી સાથે સામાન્યથી મધ્યમ વરસાદ થવાની શક્યતા છે. દરિયાકાંઠાના કર્ણાટકમાં અલગ અલગ સ્થળ પર ભારેથી અતિભારે વરસાદ અને પૂર્વ ઉત્તરપ્રદેશ તેમ જ ઉપ-હિમાલય પશ્ચિમ બંગાળમાં વિવિધ સ્થળ પર ગઈકાલે ભારે વરસાદ નોંધાયો હતો.

## *IND ZIMBABWE T20*

શુભમન ગિલની આગેવાની હેઠળની ભારતીય ક્રિકેટ ટીમ આજે હરારેમાં યજમાન દેશ ઝિમ્બાબ્વે સામે પાંચ ટી-20 મેચની શ્રેણીની પ્રથમ મેચ રમશે. હરારે સ્પોર્ટ્સ ક્લબ ખાતે સાંજે સાડા ચાર કલાકે મેચ શરૂ થશે. ટી-20 ફોર્મેટમાંથી ભારતીય ત્રિપુટી રોહિત શર્મા, વિરાટ કોહલી અને રવિન્દ્ર જાડેજાની નિવૃત્તિ બાદ ભારત પ્રથમ વાર ટી-20 શ્રેણી રમશે. ગયા મહિને વેસ્ટ ઇન્ડિઝમાં વિશ્વ કપ જીત્યા બાદ ઝિમ્બાબ્વે શ્રેણીમાં વરિષ્ઠ ખેલાડીઓને આરામ આપવામાં આવ્યો છે.

ભારતની યુવા ટીમમાં અનેક ઊભરતા ખેલાડીઓ છે જેઓ આઇપીએલમાં સમૃધ્ધ અનુભવ ધરાવે છે. આ ખેલાડીઓમાં અભિષેક શર્મા, રિયાન પરાગ અને તુષાર દેશપાંડેનો સમાવેશ થાય છે.

## *WIMBLEDON TENNIS*

વિમ્બલડન ટેનિસમાં આજે સાંજે રોહન બોપન્ના અને તેમના ઓસ્ટ્રેલિયન જોડીદાર મેથ્યુ એબડેનની જોડી  પુરુષ ડબલ્સના બીજા રાઉંડમાં જર્મનીના હેન્ડરીક જેબેંસ અને કોનસ્ટંટીન ફ્રાન્ટેજનો સામનો કરશે. આ જોડી ડચના રોબિન હાસ અને સેન્ડર અરેન્ડસને 2-0 થી હરાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશી છે.

પુરુષ સિંગલ્સમાં સાત વખત ચેમ્પિયન રહી ચૂકેલા નોવાક જોકોવિચ આજે ત્રીજા રાઉન્ડમાં ઓસ્ટ્રેલિયાના આલેક્સેઈ પોપીરિન સામે મુકાબલો કરશે.

મહિલા સિંગલ્સમાં ટોચના ક્રમાંકિત ઈગા સ્વીયાતેક, યુલિયા પુતિનત્સેવા સામે જ્યારે ચોથા ક્રમાંકિત એલેના રયાબકીના ડેનિશના કારોલીન સામે ત્રીજા રાઉન્ડમાં મુકબલો કરશે.